નવી બાબત ૨૦૦૭-૨૦૦૮ સુધારા લક્ષી અને બીન
સુધારા લક્ષી સંસ્થાઓ માં થી છુટા થતા અંતેવાસી ઓ
ની પુન: સ્થાપન માટે ની આર્થિક સહાય ના દર માં
વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક : શશય/૧૦૨૦૦૬/ન.બા.૧/છ
સચિવાલય. ગાંધીનગર.

તા. **2 2 MAR 2007**

વંચાણે લીધા :

૧. સમાજ કલ્યાણ વિભાગ નો તા.૨૨/૧૦/૯૨ નો ઠરાવ ક્રમાંક : શશય/૧૦૯૦/નં ૪/છ

૨. નિયામક શ્રી સમાજ સુરક્ષા નો તા.૧૫/૧૧/૨૦૦૬ નો પત્ર ક્રમાંક: યજન/બક્રમ/૦૬-૦૭/૪૨૦

**આમુખ :**

જુવેનાઇલ જસ્ટીસ એક્ટ હેઠળ ની સુધારા લક્ષી અને બીન સુધારા લક્ષી સંસ્થાઓ માંથી છુટા થતા અંતેવાસી ઓ ની પુન: સ્થાપન માટે આપવામાં આવતી સહાય ના દર છેલ્લે ઉપર વંચાણે માં લીધેલ ક્રમાંક ૧ માં દર્શાવેલ સમાજ કલ્યાણ વિભાગ ના તા.૨૨/૧૦/૯૨ ના ઠરાવ ક્રમાંક : શશય/૧૦૯૦/નં ૪/છ થી રૂ.૫૦૦૦/૦૦ નિયત કરવામાં આવેલ. આ દર નિયત કરે અંદાજે ચૌદ વર્ષ થી વધુ સમય પસાર થયેલ છે અને તે દરમ્યાન આર્થિક વિકાસ અને તકનીકી વિકાસ ખૂબજ થયેલ હોવાથી આ નિયત કરાયેલ આર્થિક સહાય માં પુન: સ્થાપન માટે ની અદ્યતન સાધન સામગ્રી ઉપલબ્ધ થઇ શક્તિ નથી. આથી આ આર્થિક સહાય ના દર રૂ.૫૦૦૦/૦૦ થી વધારી રૂ.૧૦.૦૦૦/૦૦ કરવા વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટે ની નવી બાબત નિયામક શ્રી સમાજ સુરક્ષા ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક :૨ માં દર્શાવેલ તા. ૧૫/૧૧/૨૦૦૬ ના પત્ર થી રજૂ કરવામાં આવેલ.

**ઠરાવ :**

નિયામક શ્રી સમાજ સુરક્ષા ના ઉપર વં ચાણે લીધેલ ક્રમાંક :૨ માં દર્શાવેલ તા. ૧૫/૧૧/૨૦૦૬ ના પત્ર થી રજૂ કરવામાં આવેલ આર્થિક સહાય ના દર રૂ.૫૦૦૦/૦૦ થી વધારી રૂ.૧૦.૦૦૦/૦૦ કરવા બાબત ની નવી બાબત માટે વિભાગ ના . વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજ પત્ર પ્રકાશન નં.૨૪ (ભાગ-૧) પાના નં.૮૩ ઉપર

ણી ક્રમાંક -૯૨.મુખ્ય સદર ૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ .ગૌણ સદર ૧૦૪ વૃદ્ધો અશક્તો અને નિરાધારોનુ કલ્યાણ. પેટા સદર ૦૧. SCW- 19 સુધારા લક્ષી અને બીન સુધારા લક્ષી સંસ્થાઓ માં થી છુટા થતી વ્યક્તિઓ માટે પશ્ચાત સંભાળ અને પુન: સ્થાપન કાર્યક્રમ .અનાથો ને શિષ્યવૃત્તિઓ હેઠળ આ અંગે રૂ. ૧.૦૦ ( રૂ.એક લાખ )ની જોગવાઈ કરવામાં આવેલ છે.. આ જોગવાઈ ને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી .

પુખ્ત વિચારણા ને અંતે આ સુધારા લક્ષી અને બીન સુધારા લક્ષી સંસ્થાઓ માં થી છુટા થતા અંતેવાસીઓ ની પુન: સ્થાપન માટે ની આર્થિક સહાય ના દર માં વધારો કરવા બાબત ની ઉપર્યુક્ત જોગવાઈ ને નીચે ની શરતો ને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧).આ યોજના અંગેનુ ખર્ચ તા.૧/૪/૨૦૦૭ થી કરવા નુ રહેશે

(૨).સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષ ની બજેટ જોગવાઈ ને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવા માં આવતી ગ્રાન્ટ ની મર્યાદા માં ખર્ચ કરવા નુ રહેશે

(3).જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનું રહેશે.

(૪) .આ અંગે નુ ખર્ચ સરકાર શ્રી દ્વાર વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈ ઓ અને લાગુ પડતા ધારાધોરણો ને આધીન નિયત પદ્ધતિ થી કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગ ની સરખા ક્રમાંક ની ફાઇલ ઉપર નાણાં વિભાગ ની તા.૧૪/૩/૨૦૦૭ ની નોંધ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રી ના હુકમ થી અને તેમના નામે.

( કે. એલ. તબિયાર)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ.

નિયામક શ્રી. સમાજ સુરક્ષા. બ્લૉક નં.૧૬.ડી.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર. જરૂરી કાર્યવાહી હાથ ધરવા ની વિનંતી સાથે.